| Publication : Suryakal | Edition : Ahmedabad |
|---|---|
| Date : December 05, 2019 | Page: 3 |


# બેંક ઓફ બરોડાએ ટેબ્લેટ દ્વારા કરન્ટ એકાઉન્ટ ખોલવા અને પ્રી-એપ્રૂવ્ડ પર્સનલ લોન પ્રોડક્ટ બરોડા ટેબઈટ શરૂ કર્યું

મુંબઈ, બુધવાર

ભારતની બીજી સૌથી મોટી સરકારી બેંક, બેંક ઓફ બરોડાએ ટેબ્લેટ દ્વારા રિટેલ જવાબદારી અને રિટેલ એસેટે ઉત્પાદનોનું ડિજિટાઈઝેશન કરવા "બરોડા ટેબઈટ" શરૂ કરવાની જાહેરાત કરી છે.

બેંક ઓફ બરોડા નવીન ડિજિટલ ઓફરોકરે છે તથા "કરન્ટ એકાઉન્ટ ઓપનિંગ" અને "પ્રી એપ્રૂવ્ડ પર્સનલ લોન" એની ડિજિટલ પરિવર્તનની સફરનો ભાગ છે.

બેંક ઓફ બરોડાએ તરત ખાતું ખોલાવવા માટે ટેબ્લેટ દ્વારા એનાં કરન્ટ એકાઉન્ટ ગ્રાહકને બોર્ડ પર લેવાની પ્રક્રિયાની ડિજિટાઈઝેશનની સફર શરૂ કરી છે. એનો ઉદ્દેશ પરંપરાગત માધ્યમોની સરખામણીમાં બેંકિંગનો શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરવાનો અને ગ્રાહકોને બોર્ડ પર લેવાની પ્રક્રિયા સરળ કરવાનો છે. આ સુવિધા સોલે પ્રોપ્રાઈટરશિપ અને વ્યક્તિગત કરન્ટ ખાતાધારકો માટે ઉપલબ્ધ થશે તથા પાર્ટનરશિપ અને લિમિટેડ કંપનીઝને આ સુવિધા આપશે, જે ઉદ્યોગમાં વિશિષ્ટ ઓફર છે.

ડિજિટલ પ્રોડક્ટ "બરોડા ટેબઈટ" અંતર્ગત પ્રી-એપ્રૂવ્ડ પર્સનલ લોનની સુવિધાઓ બેંકના હાલનાં સેવિંગ બેંક ખાતાધારકોને ઉપલબ્ધ છે અને લોનની મર્યાદાનો નિર્ણય વિવિધ માપદંડો પર લેવામાં આવે છે.

આ લોંચ પર બેંક ઓફ બરોડાનાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર મુરલી રામાસ્વામીએ કહ્યું હતું કે, "બેંક ઓફ બરોડા ડિજિટલ ઈનોવેશનની ક્ષમતામાં અને ગ્રાહકોને શ્રેષ્ઠ ડિજિટલ અનુભવ ઓફર કરવા કામ કરવામાં દ્રઢપણે માને છે. આ ઉત્પાદનોનો ઉદ્દેશ ગ્રાહકોની અપેક્ષાઓમાં વધારો કરવાની સાથે ગ્રાહકોની અપેક્ષાઓ વધારવાનો છે, પણ પ્રક્રિયાઓમાં સરળતા પ્રદાન કરવાનો છે.

ડિજિટાઈઝેશનની પ્રક્રિયામાં બેંકે ગ્રાહકોને બોર્ડ પર લેવાની પ્રક્રિયા ડિજિટાઈઝેશનને આગળ વધારવાની છે. આ પહેલ બેંકિંગની સરળતા માટે ભારત સરકારનાં નાણાં મંત્રાલયનાં સૂચનોનું પાલન કરશે.